પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૫૪, કુલ પાના:૪, તારીખ: ૨૩-૦૨-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 154 PRICE :-RS. 1.50 DATE : 23-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સવારે આઠ વાગે મતગણના શરૂ થશે: ઓછા મતદાન વચ્ચે સૌની મીટ પરિણામ પર

# આજે છ મનપાનું પરિણામ: ભાજપ અડીખમ કે કોંગ્રેસ રિટર્ન?

ગાંધીનગર,

ગુજરાતમાં ૬ મહાનગર પાલિકાની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા રવિવારે પૂર્ણ થઈ ગઈ છે, ત્યારે મંગળવારે મતગણતરી હાથ ધરાવા જઈ રહી છે. કોરોના મહામારી વચ્ચે યોજાયેલી ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતગણતરી માટે ચૂંટણી પંચ તરફથી માર્ગ દર્શિકા જાહેર કરવામાં આવી છે. કોરોના સંક્રમણની સ્થિતિને જોતા તકોદારીના ભાગરૂપે તેનું પાલન કરવાનું રહેશે.



રાજ્યની ૬ મહાનગર પાલિકામાં સરેરાશ ૪૫.૬૪ ટકા મતદાન યોજાયુ હતું. જેમાં સૌથી વધુ જૂનાગઢ મહાનગર પાલિકામાં ૫૧.૮૫ ટકા તો સૌથી ઓછુ ૪૨.૫૧ ટકા મતદાન અમદાવાદમાં યોજાયું હતું. જે બાદ હવે મતગણતરી માટે ચૂંટણી પંચે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

અમદાવાદમાં ગુજરાત કોલેજ એલિસ બ્રિજ અને એલડી એન્જિનિયરિંગ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે. આ મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકામાં ૧૮ વોર્ડની ૭૨ બેઠકની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં ૫૦.૭૫ ટકા મતદાન થયું છે. જેની શહેરમાં ૬ અલગ-અલગ ઠેકાણે મત ગણતરી હાથ ધરાશે. જેમાં વીરબાઈ મહિલા કોલેજ, એએસ ચૌધરી હાઈસ્કૂલ, એસવી વિરાણી હાઈસ્કૂલ, પીડી માલવિયા કોલેજ, રણછોડદાસજી કોમ્યુનિટી હોલ એમ અલગ-અલગ જગ્યાએ વિવિધ વોર્ડની મતગણતરી હાથ ધરવામાં આવશે.

**મત ગણતરી માટેના દિશા-નિર્દેશ**

- મતગણતરી માટે એક હોલમાં ૭ જ ટેબલ ગોઠવાશે.
- મત ગણતરીમાં રોકાયેલ તમામ સ્ટાફે માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે.
- થર્મલ ગન, હોલને સેનેટાઈઝ કરવો પડશે.
- જો એજન્ટ સંક્રમિત જણાય તો અન્ય એજન્ટ નીમી શકાશે.
- સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે રીતે આયોજન કરવાનું રહેશે.
- મતગણતરી સ્થળ પર યોગ્ય પબ્લિક એડ્રેસ સીસ્ટમ ગોઠવવા સૂચના.

જ્યારે સુરતમાં ૪૮૪ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. સુરતમાં ૪૫.૫૧ ટકા મતદાન થયું છે. જેની મતગણતરી પીપલોદ અને મજૂરાગેટ સ્થિત ગાંધી એન્જિનિયરિંગ કોલેજના બે મુખ્ય મથકો પર હાથ ધરવામાં આવશે.

જામનગર મ્યુન્સિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ૨૩૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. જેને ૪ સ્ટ્રોન્ગરૂમમાં બંધ કરવામાં આવ્યા છે. આવતીકાલે હરિયા કોલેજ ખાતે મત ગણતરી હાથ ધરવામાં આવશે. હાલ સ્ટ્રોન્ગ રૂમ બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

આટલું જ નહીં, મત ગણતરી કેન્દ્ર ખાતે કાયદો અને વ્યવસ્થા, સીસીટીવી કેમેરા, જરુરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સુવિધાઓ, પારદર્શિતા સાથે ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસારની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટે ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે મત ગણતરી એક જ દિવસે કરવાની અરજી ફગાવી દીધી છે. આ પહેલા ગુજરાત હાઈકોર્ટે પણ મત ગણતરી એકજ દિવસે કરવાની કોંગ્રેસની અરજી ફગાવી દીધી હતી. હવે આવતીકાલે જ રાજ્યની ૬ મહાનગરપાલિકાની ચૂંટણીનું પરિણામ એક સાથે જાહેર કરવામાં આવશે.

## અમદાવાદમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે L.D. અને ગુજરાત કોલેજમાં આજે મતગણતરી

અમદાવાદ,

રાજ્યની છ મહાનગરપાલિકાની ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાયું હતું. અમદાવાદ મહાનગરપાલિકામાં ૪૨.૫૧ ટકા જેટલું મતદાન થયું હતું. મંગળવારે સવારે ૮ વાગ્યાથી અમદાવાદમાં એલ.ડી એન્જિનિયરીંગ કોલેજ અને ગુજરાત કોલેજ એમ બે જગ્યાએ મત ગણતરી થવાની છે. મતગણતરીને લઈ વહીવટી તંત્રએ તૈયારીઓ કરી લીધી છે. બંને મતગણતરી કેન્દ્રમાં ૨૪ - ૨૪ વોર્ડની મતગણતરી થવાની છે. મતગણતરી કેન્દ્રમાં ચૂંટણી એજન્ટ અને ઉમેદવારને જ પ્રવેશ આપવામાં આવશે. બંને મતગણતરી કેન્દ્ર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

સ્ટ્રોંગરૂમમાં ઈવીએમ મશીન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રાખવામાં આવ્યા છે. મતગણતરી કેન્દ્ર પર અલગ પોલીસ કંટ્રોલરૂમ, સીસીટીવી કંટ્રોલરૂમ અને ઓબ્ઝર્વેશન રૂમ, મતગણતરી એજન્ટ પ્રતીક્ષા માટે અલગ ટેન્ટ, પાર્ટી એજન્ટ સીસીટીવી રૂમ, લોકરરૂમ, હેલ્પડેસ્ક, ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ વગેરે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. કોરોનાની ગાઈડલાઈનને લઈ માસ્ક અને સેનેટાઈઝરની વ્યવસ્થા પણ કરાઈ છે. બંને મતગણતરી કેન્દ્ર પર ૬૦થી વધુ સીસીટીવી કેમેરા મારફતે નજર રાખવામાં આવશે. બહાર ઉમેદવાર અને એજન્ટો મતનું પરિણામ અને અપડેટ જોઈ શકે તેના માટે એક મોટી એલઈડી સ્ક્રીન પણ એલ.ડી એન્જિનિયરિંગ કોલેજ ખાતે લગાવવામાં આવી છે.

## પુડુચેરીમાં કોંગ્રેસની એક્ઝિટ: સરકાર વિધાનસભામાં બહુમત સાબિત કરવામાં નિષ્ફળ

પુડુચેરી,

પુડુચેરી વિધાનસભામાં કોંગ્રેસ સરકાર પોતાનું બહુમત સાબિત નથી કરી શકી. સ્પીકરે એલાન કર્યું છે કે સરકારની પાસે બહુમત નથી. ત્યારબાદ મુખ્યમંત્રી વી. નારાયણસામીની વિદાય નક્કી માનવામાં આવી રહી હતી. ફલોર ટેસ્ટમાં બહુમત સાબિત ન કરી શકતાં મુખ્યમંત્રીએ ઉપરાજ્યપાલને પોતાનું રાજીનામું આપી દીધું છે. ઉલ્લેખનીય છે કે વિધાનસભામાં કોંગ્રેસની પાસે તેના ૯ ધારાસભ્યો સિવાય ૩ DMK અને ૧ અપક્ષના ધારાસભ્યોનું સમર્થન હતું.



પુડુચેરીમાં કોંગ્રેસનું ભવિષ્ય નક્કી કરવા માટે એક દિવસનું વિશેષ સત્ર સોમવાર સવારે શરૂ થયું હતું. મુખ્યમંતરી વી. નારાયણસામીએ ગૃહમાં વિશ્વાસ મત રજૂ કર્યો હતો. આ દરમિયાન મુખ્યમંત્રીએ ગૃહને જણાવ્યું હતું કે તેમની સરકાર પાસે બહુમત છે. જોકે બાદમાં નારાયણસામીની સરકારે વિશ્વાસમત દરમિયાન બહુમત ગુમાવી દીધું. બીજી તરફ વિશ્વાસ મત રજૂ કરતાં પહેલા તેઓએ પૂર્ણ રાજ્યની માંગ કરી. સાથોસાથ પૂર્વ ઉપરાજ્યપાલ કિરણ બેદી અને બીજેપીની કેન્દ્ર સરકાર પર તેમની સરકારને પાડવાનો આરોપ લગાવ્યો.

મુખ્યમંત્રી વી. નારાયણસામીએ વિધાનસભામાં કહ્યું કે, ધારાસભ્યોએ પાર્ટી માટે ઈમાનદાર રહેવું જોઈએ. જે ધારાસભ્ય પાર્ટીથી રાજીનામું આપી ચૂક્યા છે તેઓ જનતાનો સામનો નહીં કરી શકે કારણ કે લોકો તેમને તકસાધુ કહી રહ્યા છે. મુખ્યમંત્રીએ ગૃહમાં કહ્યું કે તમિલનાડુ અને પુડુચેરીમાં બે ભાષા પ્રણાલીનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ બીજેપી બળજબરીથી અહીં હિન્દી લાવવા માંગે છે.

નોંધનીય છે કે, પુડુચેરીના નવનિયુક્ત ઉપ રાજ્યપાલ તમિલિસાઇ સૌંદરરાજને

(અનુ.પાના.નં.૨)

## દેશમાં એકાએક કોરોના કેસોમાં ઉછાળો: ૨૪ કલાકમાં ૧૪,૧૯૯ પોઝિટિવ કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસના કુલ કેસ રવિવારના રોજ ૧.૧ કરોડના આંકડાને પાર કરી ગયા. જો કે છેલ્લાં ૧૦ લાખ કેસ ૬૫ દિવસમાં આવ્યા છે જો કે આટલા નવા કોરોના કેસ માટે સૌથી મોટો ટાઈમ પીરિયડ છે. છેલ્લાં ૭ દિવસમાં કોરોનાના કેસમાં વધારો દેખાયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સોમવાર સવારે રજૂ કરાયેલા આંકડાઓ પ્રમાણે ભારતમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૪૧૯૯ નવા કેસ સમે આવ્યા અને તેની સાથે જ કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧,૧૦,૦૫,૮૫૦ થઈ ગઈ. તો ૮૩ નનવા મોત બાદ દેશમાં કોરોનાથી થનાર કુલ મોતોની સંખ્યા ૧,૫૬,૩૮૫ થઈ ગઈ છે.

આંકડાઓના મતે દેશમાં કુલ ૧,૧૧,૧૬,૮૫૪ લોકોને કોરોના વાયરસની વેક્સીન અપાઈ છે. હાલમાં ભારતમાં સક્રિય કેસોની

(અનુ.પાના.નં.૨)

## અમેરિકામાં કોરોનાનો હાહાકાર: મૃત્યુઆંક ૫ લાખએ પહોંચ્યો



વોશિંગ્ટન,

કોરોના વાયરસ મહામારીનો માર ઝીલી રહેલ અમેરિકામાં મોતનો આંકડો ભયાનક થઈ રહ્યો છે. રવિવારના રોજ અમેરિકામાં કોરોનાથી મરનારાઓની સંખ્યા પાંચ લાખની નજીક ૪,૯૮,૦૦૦ પર પહોંચી ગઈ છે. આ આંકડો જૉન હોપકિંસ યુનિવર્સિટીની તરફથી એકત્ર કરાયો છે. મૃતકોની સંખ્યા કેંસાસ, મિસૂરી, અને એટલાન્ટાની વસતી બરાબર છે.

આ આંકડામાં વર્ષ ૨૦૧૯માં શ્વાસ સંબંધિત તકલીફો, સ્ટ્રોક, અલ્જાઈમર, ફ્લૂ અને ન્યુમોનિયા જેવી બીમારીઓથી મૃતકોની સંખ્યાનો પણ આંકડો સામેલ છે.

અમેરિકાના ટોચના ડૉકટર્સ ડૉ.એન્થની ફાઉસીએ કહ્યું કે અમેરિકામાં છેલ્લાં ૧૦૨ વર્ષમાં કયારેય આવું બન્યું નથી. ૧૯૧૮ની સાલમાં આવેલી મહામારીમાં પણ લોકોના જીવ ગયા હતા પરંતુ આ દોર ખૂબ જ ભયાનક છે. ૧૯ જાન્યુઆરીના રોજ અમેરિકામાં કોરોનાથી મૃતકોની સંખ્યા ચાર લાખ થઈ ગઈ હતી. અમેરિકાના હેલ્થ એક્સપર્ટ્સનું માનવું છે કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના

(અનુ.પાના.નં.૨)


## ચોથી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી

**સમય જીંદગીનો ઓછો હતો એ ક્યાં ખબર હતી,**
**વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,**
**મન હજુ માનતુ નથી કે તમે અમારી સાથે નથી,**
**આત્મા સ્વરૂપે જ્યાં હો ત્યાં શાંતિ એવમ્ શાશ્વત સુખ પામો.....**



**સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ**
**જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦**

લી.
સ્વ. કાંતિલાલ પરસોત્તમદાસ પંચાલ | ગં.સ્વ.કલાવતીબેન કાંતિલાલ પંચાલ
દિલીપભાઈ જયંતિલાલ પંચાલ
પ્રવીણકુમાર પરસોત્તમદાસ પંચાલ | કુંજલતાબેન પ્રવીણકુમાર પંચાલ
વિજયકુમાર કાંતિલાલ પંચાલ | ભગવતીબેન વિજયકુમાર પંચાલ
ગં.સ્વ. આશાબેન અજયકુમાર પંચાલ
કૌશલ વિજયભાઈ પંચાલ | કિંજલ કૌશલભાઈ પંચાલ
કમલ વિજયભાઈ પંચાલ | દિપીકા કમલ પંચાલ
કરણ અજયકુમાર પંચાલ | ઉન્નતી રાજેશભાઈ પંચાલ
સૌરભકુમાર રાજેશભાઈ પંચાલ | વૈશ્નવી અજયકુમાર પંચાલ
અમુલ પ્રવીણભાઈ પંચાલ | હેતલ અમુલભાઈ પંચાલ
જીજ્ઞેશકુમાર હસમુખભાઈ પંચાલ | તેજલબેન જીજ્ઞેશકુમાર પંચાલ
મોક્ષા કૌશલ પંચાલ, દ્વિવ્શા કમલ પંચાલ, આયુષી અમુલભાઈ પંચાલ, શીવ જીજ્ઞેશકુમાર પંચાલ, ગૌતમી પંચાલ



ગોધરા નગરપાલિકા વોર્ડ નં. ૫ ના કર્મશીલ, સેવાભાવી, જાગૃત, શિક્ષિત, લોકલાડીલા તથા યુવાન અને કાર્યશીલ અપક્ષ ની પેનલ ના ઉમેદવારો

**રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી)**
**તથા**
**સંજય ચંપકલાલ સોની**
ને સેવાની ફરી એક તક આપવા વિનંતી.

**આપનો મત સાચા અર્થમાં વિકાસને મત**

| અનુ. નં. | ઉમેદવાર | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧૧ | | રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી) | | |
| ૧૬ | | સંજય ચંપકલાલ સોની | | |

મતદાન તારીખ : ૨૮/૦૨/૨૧, રવિવાર
સમય : સવારે ૭ : ૦૦ થી સાંજના ૬ : ૦૦ સુધી

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગર સખી વન સ્ટોપ સેન્ટરે બે માનસિક અસ્વસ્થ મહિલાને સમાજસેવા ટ્રસ્ટને સોંપાયા


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા


લુણાવાડા, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં વન સ્ટોપ સેન્ટર–સખી યોજના અમલમાં મૂકવામાં આવી છે. સખી વન સ્ટોપ સેન્ટરમાં મહિલાઓ સાથે કોઈપણ હિંસાના કિસ્સામાં તબીબી, કાયદાકીય, મનોવૈજ્ઞાનિક પરામર્શ જેવી વિવિધ સેવાઓ આ સેન્ટર પરથી મળી રહે છે. હિંસાથી પીડિત મહિલાઓની તમામ સમસ્યાઓના સમાધાન માટે એક માત્ર સ્થળ હોય તો સખી વન સ્ટોપ સેન્ટર છે. જયાં મહિલાઓને આપાતકાલીન સેવા, કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યાઓમાં પરામર્શ–માર્ગદર્શન, હંગામી ધોરણે આશ્રમ જેવી સહાય કરવામાં આવે છે.

કોરોના સમય ગાળામાં તા.૦૯/૦૨/૨૦૨૧ ના રોજ ૧૮૧ હેલ્પ લાઈન દ્વારા લુણાવાડા પોલીસ વિસ્તારના પરમપુર ગામેથી મળી આવેલ અજાણી માનસિક અસ્વસ્થ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવામાં આવેલ હતી. સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આ મુકવામાં આવેલ અજાણી માનસિક અસ્વસ્થ મહિલાનું કાઉન્સેલીંગ શરૂ કરવામાં આવ્યું. કાઉન્સેલીંગ દરમિયાન આ મળી આવેલ અજાણી મહિલાએ તેનું નામ લીલાબેન જણાવેલ તેમજ તેમના પિતાનું નામ રૂપાભાઈ તેમજ અટક કટારા જણાવેલ પરંતુ તેઓના ગામનું ચોક્કસ સરનામું ન જણાવતી નહોતી. આમ બીજા દિવસે આ મહિલા પાસેથી જરૂરી વિગતો મળે તે હેતુથી સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા પ્રેમ, હૂંફ અને લાગણીભર્યા વાતાવરણનું નિર્માણ કરી તેણીને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ સવાર–સાંજ ચા–નાસ્તો અને બે ટાઈમ જમવાનું આપવાની સાથે મેડીકલ સારવાર તેમજ તેણીનું કોરોના ટેસ્ટ અને પ્રેગનન્સી ટેસ્ટ કરવામાં આવ્યો હતો તેમનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો.

સાથે સાથે તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ ૧૮૧ હેલ્પ લાઈન દ્વારા લુણાવાડા પોલીસ વિસ્તાર માંથી અજાણી માનસિક અસ્વસ્થ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવામાં આવેલ હતી.તેમની પણ કાઉન્સેલીંગ કરી તમામ વિગતો મેળવી તો તે રાજસ્થાનના વતની હતા. તથા તેમનું નામ સુમિત્રાબેન હતું તેમનો પણ કોરોના ટેસ્ટ નેગેટીવ આવ્યો હતો.

આમ આ અજાણી માનસિક અસ્વસ્થ મહિલાનું અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના જય અંબે મંદ બુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટમાં રીફર કરવામાં આવ્યા હતા. આમ, માનસિક અસ્વસ્થતાના કારણે પરિવાર થી વિખૂટી પડી ગયેલ બન્ને મહિલાની માટે સાચા અર્થમાં સખી વન સ્ટોપ સેન્ટર સખી બની ગયું હતું.

# જિલ્લા ચૂંટણી નિરીક્ષક બ્રહ્મભટ્ટે બાલાસિનોરની લીધેલી મુલાકાત



લુણાવાડા, રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયમાં નગરપાલિકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી–૨૦૨૧નો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. આ જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર મહીસાગર જિલ્લામાં સમાવિષ્ટ જિલ્લા/તાલુકા પંચાયતોની યોજાનાર સામાન્ય ચૂંટણીઓના સરળ સંચાલન માટે તથા ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી–૨૦૨૧ના ચૂંટણી નિરીક્ષક તરીકે ગાંધીનગર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજીંગ ડીરેકટર જી. પી. બ્રહ્મભટ્ટની રાજય ચૂંટણી આયોગ દ્વારા નિમણૂંક કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં યોજાનાર જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી–૨૦૨૧ની જિલ્લામાં ચૂંટણી પ્રક્રીયા અંતર્ગત ચાલી રહેલ કામગીરીના નિરીક્ષણ અર્થે બાલાસિનોર ખાતેની એક શાળામાં ચાલી રહેલ કામગીરીની તાજેતરમાં મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન બ્રહ્મભટ્ટે બાલાસિનોર ખાતે ઈ.વી.એમ. મશીનની સીલીંગની ચાલી રહેલ પ્રક્રિયાનું નિરીક્ષણ કરી જાણકારી મેળવી હતી તેમજ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા–વિચારણા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સંતરામપુર વિસ્તારમાં બાઈક રેલી યોજાઇ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી–૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર. આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે.

મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID–૧૯ ની ગાઈડ લાઈનને અનુસરીને સંતરામપુર વિસ્તારમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બાઈક રેલીને પ્રાન્ત કચેરી સંતરામપુરથી ચુંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કૌશિક જાદવે લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ બાઈક રેલીને સંતરામપુર પ્રાંત કચેરી ખાતે થી શિક્ષકો દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઈક સવાર શિક્ષકોએ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો.

આ બાઈક રેલી સંતરામપુર પ્રાંત કચેરી ખાતે થી શરૂ થઈ સંતરામપુર વિસ્તારમાં એસ.આર. પેટ્રોલપંપ, બસ સ્ટેન્ડ ચોકડી, શાક માર્કેટ, પ્રતાપપુરા મેદાન, મામલતદાર કચેરી, રીલાયન્સ પેટ્રોલ પંપ થઈ જાહેર માર્ગોથી પસાર થઈ હતી. આ બાઈક રેલીએ ગ્રામજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઈક રેલીમાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ઉત્સાહભેર જોડાઈને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે કેળવણી નિરક્ષક જયેશભાઈ પટેલ તેમજ શિક્ષકો જોડાયા હતા.

# ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામોના ખેડુતોના ઉભા પાકોને નીલ ગાય અને ભૂંડો દ્વારા નુકશાન

ગોધરા, આસમાની અને સુલતાની આફતો સતત યાતનાઓ મુશ્કેલીઓમાં ગ્રસ્ત ખેડુતની હાલત દિન પ્રતિદિન વિવિધ કારણોસર બગડી રહી છે.

ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના નદીસર, છાપરીયા, ખજુરી(ન), કબીરપુર ઘરી, રતનપુર (કાં) સહિતના આસપાસના ગામોમાં છેલ્લા કેટલાક વર્ષોથી નીલગાયો અને ભૂંડના ઉપદ્રવના કારણે ખેડુતના સખ્ત મહેનત બાદ પકવેલા વિવિધ પાકોમાં આ ઉપદ્રવીઓ દ્વારા ભારે નુકશાન પહોંચાડવામાં આવે છે.

ઘઉં, એરંડા, ગુવાર, કપાસ મકાઈ, તુવર,શેરડી, ચણા અને શાકભાજી સહિતના તમામ પાકોમાં આ જંગલી ઉપદ્રવી દ્વારા મોટા–મોટા ઝુંડમાં હુમલા કરી પાકમાં ભારે નુકશાન પહોંચાડવાની ઘટનાઓ બન્યા કરે છે. જેથી ન છુટકે ખેડુતોને રોજ રાત્રે ખેતરમાં ઉજાગરા કરી દારૂખાનું ફોડવું પડે છે.

## ખેડુતના હૈયે હોળી : ખેતરે રોજ રાત્રે દિવાળી

ફટાકડા જયારે સામાન્ય વ્યકિત ખુશીના કે ઉત્સવના અવસર પર ફોડીને આનંદ વ્યકત કરે છે. ત્યારે અહીંયા હૈયામાં હોળી પ્રગટે છે અને છુટકે ખેડુતોને પાક બચાવવા ફટાકડા ફોડવા પડે છે. ગોધરા તાલુકાના પશ્ચિમી ગામોમાં આ જંગલી ભુંડ તેમજ નીલ ગાયો મોટી સંખ્યામાં નજીકના જંગલોમાંથી આવે છે. અને મોટા–મોટા ઝુંડમાં હોય છે. જેથી ઘણીવાર તો ભુંડના ટોળાઓ ખેડુતો પર હુમલો કરી બેસવાના બનાવો પણ બને છે. જ્યારે રાત્રીના સમયે આવા ઝુંડો ઝડપ થી દોડીને જતા એક તરફ ખેતી ને તો નુકશાન કરે જ છે. બીજી તરફ જાહેર માર્ગો પર દોડીને અચાનક આવી ચડતા નાના–મોટા વાહનો સાથે અથડાતા ગંભીર અકસ્માતોના પણ બનાવો બને છે. ત્યારે તંત્ર દ્વારા આ બાબત યોગ્ય પગલા ભરી જયાંથી આ જંગલી ઉપદ્રવીઓ બહાર આવે છે. ત્યાં પકડવાની કે આવતા રોકવાની વ્યવસ્થા કરવામાં નહીં આવે તો ખેડુતોને ભારે નુકશાન થવાનો અંદાજ છે.

# પશ્ચિમ બંગાળના લોકોએ પરિવર્તનનું મન બનાવી લીધું છે: મોદી



હુગલી, પશ્ચિમ બંગાળમાં એપ્રિલ-મેના મહિનામાં વિધાનસભા ચૂંટણી થવા જઈ રહી છે. ચૂંટણી તૈયારીઓને લઈને ભારતીય જનતા પાર્ટીએ કમર કસી લીધી છે. પ્રધાનમંત્રી મોદી સોમવારના એકવાર ફરી પશ્ચિમ બંગાળના પ્રવાસે પહોંચ્યા હતા. તેઓ બંગાળના હુગલીમાં જનસભા સંબોધિત કરવાની સાથે કોલકાતા મેટ્રોના વિસ્તારનું ઉદ્ઘાટન કરશે. એક મહિનાની અંદર પીએમ મોદીનો આ ત્રીજો બંગાળ પ્રવાસ છે. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, આધુનિક હાઈવે, આધુનિક રેલવે, આધુનિક એરવે, આ દેશોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરે, આ દેશોને આધુનિક બનાવવામાં મદદ કરી, ત્યાં આ એક પ્રકારથી પરિવર્તનનું મોટું કારણ બન્યું. આપણા દેશમાં પણ આ કામ દશકાઓ પહેલા થવું જોઈતુ હતુ, પરંતુ ના થયું.

તેમણે કહ્યું કે, દેશમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર આપવામાં આવી રહ્યો છે. આ વિકાસના દરેક પાસાઓ માટે મૂળભૂત આવશ્યક્તા હોય છે. આ કારણે પશ્ચિમ બંગાળમાં પણ કનેક્ટિવિટીથી જોડાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ટર ભારત સરકારની પ્રાથમિકતા છે. પીએમ મોદીએ કહ્યું કે, "ગત વર્ષોમાં હાઈવે, રેલવે અને વૉટર વે દરેક પ્રકારની કનેક્ટિવિટી પર ફોકસ કરવામાં આવ્યું છે. બંગાળમાં પણ હજારો કરોડ રૂપિયા રોકાણ કરવામાં આવ્યું છે. બંગાળમાં વીજળીકરણનું કામ ઝડપથી કરવામાં આવી રહ્યું છે. રેલવેને લઈને બંગાળમાં સંભાવનાઓના નવા દ્વાર ખુલી રહ્યા છે."

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજના પશ્ચિમ બંગાળમાં ભાડે બિલ્ડિંગ પણ લેવી હોય તો કટ લાગે છે. આ એવી બદમાશી કરી રહ્યા છે કે બંને તરફથી કટ લે છે. સિન્ડિકેટની પરવાનગી વગર ભાડે બિલ્ડિંગ પણ ના લઈ શકો. આ સ્થિતિને પશ્ચિમ બંગાળ વિશે બનાવવામાં આવેલી આ ધારણાને આપણે સાથે મળીને બદલવાની છે. આ કારણે અહીં પરિવર્તન લાવવાનું છે, કમળ ખિલવવાનું છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે હું બંગાળના લોકોને એ વિશ્વાસ આપું છું, જ્યારે બંગાળમાં ભાજપની સરકાર બનશે તો દરેક બંગાળવાસી પોતાની સંસ્કૃતિનું ગૌરવગાન કરી શકશે. કોઈ તેને ડરાવી નહીં શકે, દબાવી નહીં શકે. ભાજપ એ સોનાર બાંગ્લાના નિર્માણ માટે કામ કરશે, જેમાં અહીંનો ઈતિહાસ, અહીંની સંસ્કૃતિ દિવસે-દિવસે મજબૂત થશે.

પીએમ મોદીએ કહ્યું કે, મા-માટી-માનુષની વાત કરનારા લોકો, બંગાળના વિકાસની સામે દીવાલ બનીને ઉભા છે. કેન્દ્ર સરકાર ખેડૂતો અને ગરીબોના હકના પૈસા સીધા તેમના બેંક ખાતામાં જમા કરાવે છે, જ્યારે બંગાળ કેન્દ્ર સરકારની યોજનાઓના પૈસા ટીએમસીના તોડબાજોની સહમતિ વગર ગરીબો સુધી પહોંચી જ નથી શકતા. પીએમ મોદીએ કહ્યું કે, મને આશ્ચર્ય છે કે આટલા વર્ષોમાં અહીં જેટલી સરકારો અહીં રહી છે, તેમણે આ સંપૂર્ણ ક્ષેત્રને પોતાના હાલ પર છોડી દીધું. અહીંના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ધરોહરને બેહાલ થવા દીધું. એ વંદે માતરમ જેણે આઝાદીની લડાઈમાં નવા પ્રાણ ફૂંક્યા, આપણા ક્રાંતિવીરોને નવી તાકાત આપી, માતૃભૂમિને સુજલામ-સુફલામ બનાવવા માટે પ્રેરિત કર્યા.

મેટ્રો રેલના ઉત્તર-દક્ષિણ લાઈનના વિસ્તરણ બાદ નિયમિત મુસાફરો ઉપરાંત દક્ષિણેશ્વર કાલી મંદિરના દર્શનના ઈચ્છુક શ્રદ્ધાળુઓને ઝડપથી વધારે પ્રદુષણ મુક્ત યાત્રા કરવાની સુવિધા મળશે. મેટ્રો અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણની તરફ કવિ સુભાષ સ્ટેશનના યાત્રીઓને દક્ષિણેશ્વર સુધીની ૩૧ કિલોમીટરથી વધારેનું અંતર નક્કી કરવામાં હવે ફક્ત એક કલાકથી વધારે સમય લાગશે. ત્યારબાદ પ્રધાનમંત્રી હુગલીના ડનલપ મેદાનમાં જનસભાને સંબોધિત કરશે. ઉલ્લેખનીય છે કે હુગલી વિસ્તારમાં ગત લોકસભા ચૂંટણીમાં બીજેપીનું પ્રદર્શન ઘણું સારું રહ્યું છે. બીજેપીને લૉકેટ ચેટર્જીએ અહીંથી જીત મેળવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૩-૦૨-૨૦૨૧, મંગળવાર, મહા સુદ-જયા એકાદશી, સૂર્યોદય-૬-૫૨, સૂર્યાસ્ત-૬-૧૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: આર્દ્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## (પાન નં.૧ નું ચાલુ)

### પુડુચેરીમાં કોંગ્રેસની એક્ઝિટ....

મુખ્યમંત્રી વી. નારાયણસામીને વિધાનસભામાં બહુમત સાબિત કરવાના નિર્દેશ આપ્યા હતા. વિપક્ષ તરફથી કોંગ્રેસ-દ્રમુક ગઠબંધનના બહુમત ગુમાવવાના દાવા કર્યા બાદ ઉપ રાજ્યપાલે આ નિર્દેશ આપ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય લક્ષ્મીનારાયણ અને દ્રમુકના ધારાસભ્ય વેંકટેશને રવિવારે આપેલા રાજીનામા બાદ ૩૩ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસ-દ્રમુક ગઠબંધનના ધારાસભ્યોની સંખ્યા ઘટીને ૧૧ થઈ ગઈ, જ્યારે વિપક્ષી પાર્ટીઓના ૧૪ ધારાસભ્ય છે.

પૂર્વ મંત્રી એ. નમસિવાયમ (હવે બીજેપીમાં) અને મલ્લાડી કૃષણ રાવ સહિત કોંગ્રેસના ચાર ધારાસભ્યોએ આ પહેલા રાજીનામા આપી દીધા હતા. જ્યારે એક અન્ય ધારાસભ્યને પાર્ટીએ અયોગ્ય ઠેરવ્યા હતા. નારાયણસામીના નજીકના એ. જોન કુમારે પણ આ સપ્તાહે રાજીનામું આપી દીધું હતું.

ખાસ વાત તો એ છે કે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ રાજકીય ઊથલપાથલ વચ્ચે રાજયના બે દિવસની મુલાકાત કરી હતી, પણ એ પાર્ટીને નુકસાન થવાથી ન બચાવી શક્યા. અહીં સરકારનો કાર્યકાળ ૮ જૂને પૂરો થવાનો છે. રાજયમાં આ વર્ષે એપ્રિલ-મેમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. જોકે હાલ તારીખ નક્કી નથી.

### દેશમાં એકાએક કોરોના.....

કુલ સંખ્યા હવે ૧,૫૦,૦૫૫ અને ડિસ્ચાર્જ થયેલા કેસોની કુલ સંખ્યા ૧,૦૬,૯૯,૪૧૦ છે. આઈસીએમઆરના મતે ભારતમાં ગઈકાલ સુધી કોરોના વાયરસ માટે કુલ ૨૧,૧૫,૫૧,૭૪૬ સેમ્પલ ટેસ્ટ થઈ ચૂકયા છે. જેમાંથી ૬૨૦૨૧૬ સેમ્પલ એટલે કે ગઈકાલે રવિવારના રોજ ટેસ્ટ કરાયા. ભારતમાં ગયા સપ્તાહે (૧૫-૨૧ ફેબ્રુઆરી)માં કોરોનાના ૧,૦૦,૯૯૦ નવા કેસ નોંધાયા. પાંચ સપ્તાહ બાદ કોઈ એક સપ્તાહમાં ૧ લાખથી વધુ કેસ નોંધાયા. ગયા સપ્તાહે ૭૭૨૮૪ નવા કેસ સામે આવ્યા હતા, એવામાં ગયા સપ્તાહની સરખામણીમાં આ સપ્તાહે ૩૧ ટકા કેસ વધ્યા.

રાજ્યોની વાત કરીએ તો સૌથી વધુ કોરોના કેસ મહારાષ્ટ્રમાં વધ્યા, જ્યાં આ સપ્તાહે ૮૧ ટકાનો વધારો થયો. તો ભારતમાં ગયા સપ્તાહ સુધી સરેરાશ (૭ દિવસ માટે) કોરોના કેસની સંખ્યા ૧૧૪૩૦ હતી જે આ સપ્તાહના આંકડા બાદ વધીને ૧૨૭૭૦ થઈ ગઈ. જો કે દર સપ્તાહે થનાર મોતોના આંકડામાં સ્થિરતા જોવા મળી છે. આ સપ્તાહે કોરોનાથી મૃતકોની સંખ્યા ૬૬૦ રહી જો કે ગયા સપ્તાહની સરખામણીમાં ૧૦ વધુ છે. ભારતમાં છેલ્લાં કેટલાંક દિવસથી કોવિડ-૧૯ના કેસમાં વધારો થઈ રહ્યો છે. મંત્રાલયે કહ્યું કે દેશ ૭૪ ટકાથી વધુ કેરળ અને મહારાષ્ટ્રમાં કોરોનાના દર્દી છે. ત્યારબાદ છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પણ કેસ વધ્યા છે. પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં દરરોજ કેસમાં વૃદ્ધિ થઈ છે. કેરળમાં છેલ્લાં ૪ સપ્તાહમાં સરેરાશ સાપ્તાહિક કેસ ૪૨૦૦૦ થી ૩૪૮૦૦ની વચ્ચે રહ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લાં ચાર સપ્તાહમાં સાપ્તાહિક કેસમાં વધારો થવાની પ્રવૃત્તિ દેખાઈ રહી છે, જે ૧૮૨૦૦થી વધીને ૨૧૩૦૦ થઈ ગઈ છે. જ્યારે સાપ્તાહિક પુષ્ટિનો દર ૪.૭થી વધીને ૭ ટકા થઈ ગયો છે.

### અમેરિકામાં કોરોનાનો હાહાકાર.....

કાર્યકાળમાં કોરોનાની વિરૂદ્ધ સાચી લડાઈ લડી શકયા નહીં. કોરોનાના કેસ વધવાના કારણોમાં પણ આ એક મુખ્ય કારણ છે.

એક એજન્સીના મતે અમેરિકામાં કોરોનાથી સૌથી પહેલાં મોતના કેસ ફેબ્રુઆરી ૨૦૨૦માં સામે આવ્યા હતા. આ મોત સેંટા ક્લારા, કાઉન્ટી અને કેલિફોર્નિયામાં થયા હતા. ચાર મહિનામાં મોતનો આંકડો એક લાખ થઈ ગયો હતો. સપ્ટેમ્બરમાં અહીં કોરોનાથી મૃતકોની સંખ્યા બે લાખ થઈ ગઈ હતી. ડિસેમ્બરમાં ત્રણ લાખ અને એના પછીના બે મહિનામાં આ આંકડો ત્રણ લાખથી ચાર લાખ થઈ ગયો અને પછી આંકડો પાંચ લાખ સુધી પહોંચી ગયો.

જૉન હોપિકિંસના મતે વિશ્વભરમાં કોરોનાથી મૃતકોની સંખ્યા ૨.૫ મિલિયનની તરફ વધી રહી છે. આ આંકડો સરકારોની તરફથી અપાતા ડેટાના આધાર પર તૈયાર કરાયા છે જ્યારે જાણકારોનું માનવું છે કે સંખ્યા આનાથી વધુ હોઈ શકે છે. એમ પણ કહેવાય છે કે અમેરિકામાં એક જૂન સુધીમાં આ આંકડો ૫૮૯૦૦૦ને પાર નીકળી જશે. અમેરિકામાં લોકો પોતાના લોકો જવાથી દુ:ખી છે. તેમનું કહેવું છે કે દુ:ખનું આ મંજર ભૂલાએ ભૂલાતું નથી.

# પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણનો નવો એક કેસ નોંધાયો

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે કોરોના સંક્રમણનો નવો એક કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની કુલ સંખ્યા ૩૯૯૪ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૩૦ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આજે મળી આવેલ એકમાત્ર કેસ ગોધરા ગ્રામ્યમાંથી મળી આવ્યો છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૧૯ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૭૫ કેસ મળી આવ્યા છે. જયારે ૦૩ દર્દીઓને સારવાર બાદ સ્વગૃહે પરત ફરવા રજા આપવામાં આવી હતી. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૮૨૩ થવા પામી છે.

## દૈનિક રાશીફળ

**તા.૨૩.૦૨.૨૦૨૧ મંગળવાર**

મેષ(અ.લ.ઈ.) :- જુના સંબંધો તાજા થાય મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા માતુશ્રીએ સહકાર રહેવાનો.
વૃષભ(બ.વ.ઉ.) :- તમારા કાર્યમાં કોઈ ન ધારેલી વ્યકિતનો સહકાર મલવાનો નોકરીમાં પ્રમોશન, ધાર્મિક કાર્યમાં સફળતા.
મિથુન(ક.છ.ઘ.) :- જન્મ સમયના ગ્રહો પ્રમાણે લાભાલાભ મલવાનો અંતરંગ વર્તુળમાં તમારા કાર્યની પ્રસંશા થવાની છે.
કર્ક(ડ.હ.) :- એકાગ્રતા કેળવવાથી લાભ રહે. નોકરીમાં લાભ મનગમતી જગ્યા મલે. કર્જમાં રાહતવાળો સમય.
સિંહ(મ.ટ.) :- મહેનતનું ફળ મલવાનું નોકરીમાં લાભ મલવાનો હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું મિત્રોનો સહકાર રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- ભાઈ બહેનની સગાઈના કાર્યોમાં અનુકુળતા આત્મવિશ્વાસ કેળવવો. પ્રવાસમાં અનુકુળતા રહે.
તુલા(ર.ત.) :- નોકરી-ધંધામાં માહોલ અનુકુળ રહેવાનો પ્રવાસમાં અનુકુળતા ગુસ્સાને કાબુમાં રાખજો તમારા વર્તનમાં સુધારો જરૂરી.
વૃશ્ચિક(ન.ય.) :- શેર સટ્ટામાં વિચારપૂર્વક રોકાણ કરજો. ઉધારી ધંધાથી દૂર રહેજો વિદેશથી આર્થિક લાભ મલવાનો રોમાન્સમાં સફળતા.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- માનસિક તનાવ દૂર થાય. નોકરીમાં ફરફારોની ઈચ્છા ફળવાની નવા સંબંધો બનાવવાની ઈચ્છા ફળવાની.
મકર(ખ.જ.) :- વિદેશથી કે દૂરના અંતરેથી સારા સમાચાર સાથે સ્વાસ્થ્ય બાબત જાળવવું મનગમતી વ્યકિત સાથે મુલાકાત થાય.
કુંભ(ગ.શ.સ.) :- પરિવારના ઉત્સાહનો માહોલ ઉભો થાય મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. અભ્યાસમાં સફળતા રહે. પ્રવાસ થાય.
મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. પરિવારના વડીલો સાથે વ્યર્થ દલીલ બાજીથી દૂર રહેજો.

# ગરબાડાના ગુલબાર ગામે નીમચઘાટી તરફ બાઈક ઉપર જતાં વેપારી પર ફાયરીંગ કરી લુંટ : વેપારીને ગોળી વગતાં ઈજાગ્રસ્ત



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગુલબાર ગામે નીમચ ઘાટી તરફ આજરોજ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના રાણાપુર ગામના એક અનાજના વેપારી તથા તેમની સાથે પોતાનો માણસ એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ પસાર થઈ રહ્યાં હતા તે સમયે એક મોટરસાઈકલ પર આવેલ બે અજાણ્યા ઈસમોએ આ વેપારી ઉપર બે રાઉન્ડ ફાયરીંગ કરતાં વેપારીને પીઠના ભાગે ગોળી વાગતા ગંભીર ઈજાગ્રસ્ત વેપારીને ગરબાડા પોલીસ દ્વારા દાહોદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ફાયરીંગ કયાં કારણોસર કરવામાં આવ્યું તેનું સાચુ કારણ હાલ જાણી શકાયું નથી પરંતુ પોલીસે આ દિશામાં તપાસનો ધમધમાટ આરંભ કરી દીધો છે ત્યારે બીજી તરફ ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં રાણાપુર ગામે રહેતા અનાજના વેપારી માણેકલાલ ઉકરજી રાઠોડ અને પોતાનો માણસ કિલુભાઈ બારીયા આ બંન્ને જણા આજરોજ વહેલી સવાર મધ્યપ્રદેશ અને ગુજરાતની બોર્ડર એવી દાહોદ જિલ્લાના ગરબાડાના નીમચ ઘાટી પરથી મોટરસાઈકલ પર સવાર થઈ પસાર થઈ રહ્યાં હતાં. વેપારી માણેકલાલ રાઠોડ મોટરસાઈકલની પાછળ બેઠા હતા અને તેઓનો માણસ કિલુભાઈ બારીયા મોટરસાઈકલ ચલાવી રહ્યાં હતાં. આ બંન્ને રાણાપુરથી નીમચ જઈ રહ્યાં હતાં. આ સમયે ગરબાડાના ગુલબાર ગામે એક મોટરસાઈકલ પર સવાર થઈ આવેલા બે જણા જેમાંથી એકે માથે હેલ્મેટ અને એકે મોઢે રૂમાલ બાંધ્યો હતો. આ અજાણ્યા બંન્ને ઈસમો પૈકી એકે પોતાની પાસેની બંદુક વેપારી માણેકલાલ રાઠોડ સામે તાકી પહેલા પાછળથી એક રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું અને ત્યાર બાદ મોટરસાઈકલ આગળ લાવી સામેથી ફાયરીંગ કર્યું હતું. આ બે રાઉન્ડ ફાયરીંગમાં પાછળ બેઠેલ વેપારી માણેકલાલ રાઠોડને પાછળથી પીઠના ભાગે બંદુકની ગોળી વાગતાંની સાથે જ તેઓ સ્થળ પર લોહીલુહાણ હાલતમાં પડી ગયાં હતાં. ચાલુ મોટરસાઈકલ પરથી આ વેપારી અને તેમનો માણસ બંન્ને જમીન પર પડતાંની સાથે જ થોડીવાર કિલુભાઈને કંઈ સમજ પડી ન હતી કે શું બન્યું પરંતુ માણેકલાલ રાઠોડને લોહીથી લથબથ હાલતમાં જોઈ તરતજ કીલુભાઈ દ્વારા ગરબાડા પોલીસનો સંપર્ક સાંધ્યો હતો અને ગરબાડા પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી ગઈ હતી. ગંભીર ઈજાગ્રસ્ત વેપારી માણેકલાલ રાઠોડને દાહોદની ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડી દેવામાં આવ્યાં હતાં જ્યાં આ વેપારીની હાલત નાજુક બતાવવામાં આવી રહી છે. હાલ આ ફાયરીંગ પાછળનું સાચુ કારણ જાણી શકાયું નથી પરંતુ વેપારીની મોટરસાઈકલ ચલાવનાર કીલુભાઈ બારીઆના જણાવ્યા અનુસાર, ફાયરીંગ કરનાર ઈસમો દ્વારા કોઈ લુંટ કરવામાં આવી નથી. ફાયરીંગ કર્યા બાદ ઈસમો નાસી ગયાં હતાં. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખી ગરબાડા પોલીસે વિસ્તારમાં સઘન કોમ્બીંગ હાથ ધરી દીધું છે અને ફાયરીંગ કરનાર તત્વોની તાત્કાલિક ઝડપી પાડવા ચક્રોગતિમાન કરી દીધા છે.

# દાહોદ-ઉજ્જૈન મેમુ ટ્રેન શરૂ કરવા હીલચાલ

દાહોદ,

દાહોદ જિલ્લાવાસીઓની જીવાદોરી સમાન દાહોદ-ઉજ્જૈન મેમુ ટ્રેન ૨૭મી ફેબ્રુઆરીના રોજથી દોડતી થઈ શકે છે પરંતુ ઔપચારિક રીતે હાલ એલાન કરવામાં આવ્યું નથી ત્યારે જો આ ટ્રેન ફરી ચાલુ થશે તો મુસાફરોને હાલ ભોગવવી પડતી મુશ્કેલીમાં ઘણા અંશે રાહત મળી શકે તેમ છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, ઉજ્જૈન-દાહોદ મેમુ તેમજ દાહોદ-વડોદરા મેમુ પોતાના નવા રૂપ-રંગમાં તારીખ ૨૭.૦૨.૨૦૨૧થી પુનઃ શરૂ થઈ શકે છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે લોકડાઉનમાં રેલ ગાડી પણ થંભી ગઈ હતી ત્યારે ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગીય લોકો માટે જીવાદોરી સમાન અને તે પણ ખાસ દાહોદ-પંચમહાલ-મહીસાગર-વડોદરા સહિતના મુસાફરો માટે લાઈફ લાઈન ગણાતી મેમુ ટ્રેનોના પૈડા પણ થંભી ગયા હતાં. કોરોના વૈશ્વિક મહામારી બાદ લાંબા સમય સુધી હાલ પણ આ ટ્રેનો ચાલુ થવા પામી નથી ત્યારે મુસાફરોને અવર જવરમાં હાલ પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે પરંતુ હવે જ્યારે આ મેમુ ટ્રેનો ફરી ચાલુ થઈ શકે છે તેવા સમાચાર જિલ્લાવાસીઓને મળતાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. વધુમાં જાણવા મળ્યા અનુસાર, આ મેમુ ટ્રેન આગામી આદેશો સુધી નવીન નંબરોથી તેમજ ગાડી પુરી રિઝર્વ રહેશે. દાહોદ-વડોદરા મેમુ ટ્રેનના સમયમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેન ઉજ્જૈન થી સવારે ૫.૩૦ કલાકે ઉપડી ૦૬.૫૫ કલાકે નાગદા, નાગદાથી ૦૭.૧૦ કલાકે ઉપડી ૦૮.૧૦ કલાકે રતલામ પહોંચશે. રતલામથી ૦૮.૨૦ કલાક ઉપડી ૦૯.૧૫ કલાકે બામણી, ૧૦.૦૩ કલાકે મેઘનગર અને ૧૦.૪૫ કલાકે દાહોદ પહોંચશે. દાહોદથી મેમુ ટ્રેન સાંજે ૦૫.૨૫ કલાકે ઉપડી મેઘનગર, બામણિયા, રતલામ પહોંચી રતલામથી, નાગદા, ઉજ્જૈન પહોંચશે. ગાડીના સમયમાં ફેરફાર સંભવ હોઈ શકે છે.


# દાહોદમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રચાર માટે બીજેપી પ્રદેશ પ્રમુખ હાજર રહેશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના અનુસંધાને કાર્યકરોમાં નવો જોમ ફુંકવા માટે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે.

૨૩મી તારીખ મંગળવારના રોજ સી.આર પાટીલ બપોરના ૧૨.૪૫ વાગ્યે સી.આર પાટીલ દાહોદના ઉસરવાણ હેલીકોપ્ટર દ્વારા દાહોદ આવશે.આ વખતે શહેરની આઈટીઆઈ આગળથી એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. આઈ.ટી.આઈ.થી સ્ટશન રોડ, ગોવિંદ નગર, પડાવ થઈ આ રેલી મહિન્દ્રા શોરૂમ ઉપર પૂર્ણ કરવામાં આવશે. ત્યાર બાદ બપોરના બે વાગ્યા સી.આર પાટીલ મહેન્દ્રા શો રૂમની સામે આવેલા મેદાનમાં સભાને સંબોધશે. સી.આર પાટીલ ભાજપના પ્રદેશ અધ્યક્ષ બન્યા બાદ દાહોદ શહેરમાં પ્રથમ વખત આવી રહ્યા છે.

# શહેરાના ઉડાંરા પાસે પાનમ નદીમાંથી ખનીજની ચોરી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલના શહેરા તાલુકાનું છેવાડાનું ગામ ઉડાંરા પાસે પસાર થતી પાનમ નદીમાં ખનીજ વિભાગ ના આશીર્વાદથી મોટા પાયે રેતી ખનન થઈ રહયુ છે. ટ્રેક્ટર સહિતના વાહનોમાં બેરોકટોક રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતુ હોવા છતાં ખાણખનીજ વિભાગ દ્વારા અહી તપાસ તો નહી પણ કાર્યવાહી કરવામાં વિચારી રહ્યુ નથી. તેના કારણે સરકારી તિજોરીને નુકસાન જઈ રહયુ છે.

શહેરા ના ઊડાંરા ગામ પાસે પસાર થતી પાનમ નદીમાં ખનીજ વિભાગના નિયમોનું પાલન ના કરીને રેતી કાઢી ને ટ્રેક્ટર સહિતના વાહનોમાં લઈ જવામાં આવી રહી છે. પાછલા કેટલાક મહિનાઓથી આ પાનમ નદીમાં રેતી ખનન થઈ રહયુ હોવા છતા જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ પ્રકારની અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. નદીમાંથી મોટા પ્રમાણ માં દિવસ દરમિયાન રેતી કાઢીને ટ્રેક્ટર સહિતના વાહનોમાં હેરાફેરી થતી હોવાથી ગામના રસ્તાઓ ને નુકશાન પહોંચવા સાથે રસ્તાઓ ઉબડ ખાબડ બનતા નાના-મોટા વાહન ચાલકો ને પસાર થતી વખતે ભારે હાલાકી વેઠવી પડી રહી છે. અહી મોટા માથાઓ દ્વારા ખનીજ ચોરી થતી હોવાથી ખનીજ વિભાગ પણ આ બાબતે કાર્યવાહી કરવામાં ખચકાઈ રહયુ છે. અહી જે લીઝ આવેલી છે. લીઝ માલિક દ્વારા રેતી કાઢવવા માટે આડેધડ ખોદકામ કરતાં નદીમાં મોટા ખાડાઓ પણ પડી ગયા છે. પાનમ નદી સુંદરતા પહેલા હતી.તે હવે જોવા મળી રહી નથી.

તાલુકામાં નાડા સહિતના ગામોમાં રેતીની લીઝો ખાન ખનીજ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી નથી. ત્યારે પાનમ નદીમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા ઓચિંતી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તો ખનીજ ચોરી સાથે સરકારી તિજોરીને મોટું નુકસાન થતું અટકી શકે તેમ છે. ખાણ ખનીજ વિભાગ સરકારી તિજોરીને નુકશાન કરનાર ખનીજ માફીયાઓ સામે પોતાની નૈતિક ફરજ ક્યારે બજાવશે તેતો જોવુજ બની રહયુ છે.

# ઘોઘંબાના ખરોડ ગામે બોલેરો ગાડીમાં લઈ જવાતો ૨.૩૬ લાખનો દારૂ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે બોલેરો ગાડીમાં ઈંગ્લીશ દારૂ લઈ જવાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે બોલેરો ગાડી માંથી ૨,૩૬,૮૮૦/-રૂપીયાનો દારૂ તથા ગાડી મળી ૫,૩૬,૮૮૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે થી બોલેરો ગાડી નં.જીજે.૦૭.એએચ.૫૨૫૦ માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને હેરાફેરી કરવામાં આવે છે. તેવી બાતમી રાજગઢ પોલીસને મળી હતી. પેટ્રોલીંગમાં હોય દરમ્યાન મળેલ બાતમીના આધારે પોલીસે બોલેરો ગાડીને ઝડપી પાડવામાં કોશીષ કરી હતી. ત્યારે ચાલક ગાડી મૂકી નાશી છુટીયો હતો. પોલીસે બોલેરો ગાડીમાંથી પ્લાસ્ટીક ક્વાટરીયા નંગ-૧૮૭૨ કિંમત ૨,૩૬,૮૮૦/-રૂપીયા બોલેરો ગાડી મળી ૫,૩૬,૮૮૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા(હડફ) તાલુકાના શિક્ષક રાવત સંકેતકુમારના ઈનોવેશનની રાજ્ય કક્ષાએ પસંદગી

મોરવા(હ),

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પંચમહાલ આયોજિત પંચમહાલ જિલ્લાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૦/૨૦૨૧ માં મોરવા હડફ તાલુકાની મેખર પ્રાથમિક શાળાના ઈનોવેટર શિક્ષક સંકેત કુમાર વિજયસિંહ રાવત દ્વારા સરકારી શાળા શ્રેષ્ઠ શાળા ન્યૂઝ રીપોર્ટીંગ દ્વારા જન જાગૃતિ અભિયાન નામનું શિક્ષણ ઈનોવેશન પંચમહાલ જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષાએ પસંદગી થવા પામેલ છે. આ એજ્યુ કે શન ઈનોવેશન ફેસ્ટિવલમાં સમગ્ર જિલ્લામાંથી ૩૭ ઈનોવેશન રજુ થયેલ. જેમાં મોરવા (હડફ) તાલુકામાંથી સંકેતકુમાર રાવતનું ઈનોવેશન



રાજ્ય કક્ષાએ પસંદગી થતાં મેખર પ્રાથમિક શાળા પરિવાર અને તાલુકા પ્રાથમિક શિક્ષક પરિવાર દ્વારા અભિનંદન પાઠવાયેલ. અને બી.આર.સી., તા.પ્રા.શિક્ષણ અધિકારી, જિલ્લા. પ્રા.શિક્ષણ અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું.

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં

# ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણની શ્રેષ્ઠતા માટે ભારત સરકારનો એવોર્ડ આદિજાતિ ક્ષેત્ર દાહોદ જિલ્લાને ફાળે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજ્ય સરકારના કૃષિ-ખેડૂત કલ્યાણ વિભાગને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત તેમજ કૃષિ ક્ષેત્રે ટેકનોલોજી ઈનોવેશન માટે એમ બે-બે પ્રતિષ્ઠિત એવોર્ડ સન્માન પ્રાપ્ત થયા છે.

ભારત સરકારની મહત્વાકાંક્ષી ખેડૂત કલ્યાણ યોજના પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં ગુજરાતના આદિજાતિ ક્ષેત્ર દાહોદ જિલ્લાને ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણની શ્રેષ્ઠતા માટે કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્યના કૃષિ સચિવ મનિષ ભારદ્વાજે આ અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું કે, ગુજરાતમાં પાકના વાવણી વિસ્તાર અને નુકશાનની ગણતરી-ક્રોપ એરિયા એસ્ટિમેશન એન્ડ લોસ એસસમેન્ટ માટે જિઓ સ્પાટીઅલ ટેકનોલોજીના ઉપયોગ માટે પણ ગુજરાત રાજ્યને જિઓ-સ્પાટીઅલ ટેકનોલોજી ઈનોવેશન એવોર્ડ FICCI દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

ગુજરાતના આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણ કેટેગરીમાં શ્રેષ્ઠત્તમ દેખાવનો જે એવોર્ડ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે, તેની ભૂમિકા પણ કૃષિ સચિવે આપી હતી.

દેશના ખેડૂતોની આવક વધારવાના હેતુસર ખેડૂત પરિવારોને સહાયરૂપ થવા કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની ફેબ્રુઆરી-૨૦૧૯થી શરૂઆત કરી છે. આ મહત્વાકાંક્ષી યોજના અન્વયે ખેડૂત પરિવારને વાર્ષિક કુલ રૂ. ૬૦૦૦ની સહાય ડી.બી.ટી. મારફતે દર ચાર મહિને રૂ.૨૦૦૦ના સમાન હપ્તામાં ત્રણ વાર ચુકવવામાં આવે છે.

દાહોદ જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે કહ્યું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના સફળ અમલીકરણના બે વર્ષ પૂર્ણ થવા અવસરે ભારત સરકારે દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જિલ્લાઓમાં આ યોજનાના અમલની શ્રેષ્ઠતા માટે વિવિધ ત્રણ કેટેગરીમાં એવોર્ડ આપવાની જાહેરાત કરી છે. સમગ્ર દેશના ૭૧૮ જિલ્લાઓ પૈકી ૧૫ જિલ્લાઓને આ ત્રણ કેટેગરી અંતર્ગત ઉત્કૃષ્ટ દેખાવ માટે એવોર્ડ મેળવવા પસંદગી પામ્યા છે.

તદઅનુસાર, ગુજરાતના આદિજાતિ વિસ્તારના જિલ્લા દાહોદને ગ્રિવન્સીસ રિડ્રેસલ એટલે કે ફરિયાદ નિવારણ અન્વયે પી.એમ. કિસાન પોર્ટલ દ્વારા મળેલી ૨૧૨૧ ઓનલાઈન અરજીઓમાંથી ૯૮.૪૦ ટકા એટલે કે ૨૦૮૭ અરજીઓના નિકાલ માટે ગ્રિવન્સીસ રિડ્રેસલ માટે બેસ્ટ પરફોમન્સનો એવોર્ડ જાહેર થયો છે. તા.૨૪ ફેબ્રુઆરી બુધવારે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા આ એવોર્ડ રાજ્ય સરકારને એનાયત કરવામાં આવશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ પારદર્શીતાથી મળી રહે તે માટે ખેડૂતોને સંપૂર્ણ આધારકાર્ડ પ્રમાણભૂત સહાય ચુકવણી તથા ગ્રિવન્સીસ રિડ્રેસલ અને ફિઝીકલ વેરીફીકેશન એમ ત્રણ કેટેગરીમાં કેન્દ્ર સરકારે એવોર્ડ જાહેર કરેલા છે. એવોર્ડ દાહોદ જિલ્લામાં ૯ તાલુકાના ૨,૨૬,૭૪૩ કિસાન પરિવારોને આ યોજના તહેત સહાય આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારે આ યોજના હેઠળ ખેડૂત પરિવારના તમામ સભ્યોની સંયુકત માલિકીની ખેડાણલાયક જમીનમાં બે હેકટર સુધીની જમીન ધરાવતા કુટુંબોને સહાય આપવાની મર્યાદા પણ જૂન-૨૦૧૯થી દૂર કરી તમામ ખેડૂતોનો આ સહાયમાં સમાવેશ કર્યો છે. આ એવોર્ડ ઉપરાંત ફિક્કી જિઓ-સ્પાટિયલ એક્સલન્સ ઈન ગવર્નન્સ, જિઓ-સ્પાટિયલ ટેકનોલોજી ઈનોવેશન અને ફિક્કી જિઓ-સ્પાટિયલ એક્સલન્સ ઈન બિઝનેશ એપ્લિકેશન એમ ત્રણ કેટેગરીમાં એવોર્ડની જાહેરાત FICCI દ્વારા કરવામાં આવી છે. આ એવોર્ડમાં એક માત્ર સરકારી વિભાગ તરીકે ગુજરાત સરકારના કૃષિ-ખેડૂત કલ્યાણ વિભાગને એવોર્ડ મળ્યો છે.

રાજે ઉમેર્યું કે, દાહોદ જિલ્લામાં કિસાન સન્માન નિધિ યોજનામાં મળેલી ફરિયાદોમાં મુખ્યત્વે નામ સરખા ના હોવા, આઈએફએસસી કોડ ના હોવા, બેંકના ખાતા નંબર બરોબર ના હોવા, આધાર સાથે મિસમેચ થવા સહિતના કારણોમુખ્ય હતા. ખેડૂતોની આ ફરિયાદો નિવારવા માટે.રાજે અભિયાન ઉપાડ્યું હતું. ખાસ કરીને લોકડાઉનના સમયમાં ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાને રાખીને આ અભિયાન ઉપાડવામાં આવ્યું હતું. તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી સુથારની ટીમે આ જટીલ લાગતું કાર્ય સતત કર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ એમ પણ કહ્યું કે, ફરિયાદો મળ્યા બાદ ઘણા કિસ્સાઓમાં ગાંધીનગર અને દિલ્હી સુધી સંબંધિત કચેરીઓ સાથે સતત સંપર્કમાં રહી તેનો સફળતા પૂર્વક નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ માટે પ્રતિ પખવાડિયે બેઠક કરવામાં આવતી હતી. અમે લોકડાઉનના સમયમાં ખેડૂતોને મદદરૂપ થઈ શક્યા એ અમારા માટે સંતોષની વાત છે.

# મતદાર જાગૃતિ માટે દાહોદ નગરમાં યોજાઈ સાયકલ રેલી



દાહોદ,

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની આગામી તા. ૨૮મીના રોજ યોજનારી ચૂંટણીને અનુલક્ષીને મતદારોમાં જાગૃતિ કેળવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજ રવિવારે વહેલી સવારે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુંહતું. કલેક્ટર વિજય ખરાડીએ આ સાયકલ રેલીનું નેતૃત્વ કર્યુંહતું. સાયકલ રેલીના પ્રારંભે કલેક્ટર વિજય ખરાડીએ એક વાતચીતમાં જણાવ્યુંકે, આપણો દેશ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. ચૂંટણી પ્રક્રીયા લોકશાહીનો આત્મા છે અને મતદાન કરી નાગરિકો એને તંદુરસ્ત બનાવે છે. મતદાન એ તમામ નાગરિકોનો બંધારણીય અધિકાર છે. લોકો પોતાના આ અધિકાર પ્રત્યે વધુ જાગૃત બને અને ચૂંટણી પ્રક્રીયામાં સહભાગી બને એ માટે આ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલીમાં કલેક્ટર વિજય ખરાડી, પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઈજનેર એ. એ. પટેલ ઉપરાંત નગરના સાયકલિસ્ટ જોડાયા હતા. સર્કિટ હાઉસથી શરૂ થયેલી સાયકલ રેલી નગરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. ૧૩ કિલોમિટર લાંબા રૂટમાં સાયકલસવારોએ નારા લગાવી નગરજનોને મતદાન કરવા માટે જાગૃત કર્યા હતા.

# દાહોદના કતવારા ગામે બે સ્થળેથી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના કતવારા ગામેથી પોલીસે બે જુદા જુદા મકાનોમાં પ્રોહી રેડ કરતાં કુલ રૂ.૫૨,૮૦૦ નો પ્રોહી જથ્થો કબજે કર્યો છે જ્યારે બંન્ને બનાવોમાં ઘરધણી નાસી જવામાં સફળ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. કતવારા પોલીસે ગત તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ મળેલ બાતમીના આધારે કતવારા ગામે લીમડી ફળિયામાં રહેતા જામકાભાઈ રાજસિંહભાઈ અમલીયારના ઘરે અને આજ ફળિયામાં રહેતા ચંપાબેન મનુભાઈ અમલીયારના ઘરે મળેલ બાતમીના આધારે ઓચિંતી પ્રોહી રેડ કરતાં ઉપરોક્ત બંન્ને જણા પોલીસને જોઈ નાસી ગયા હતાં. પોલીસ બંન્ને મકાનોની તલાસી હાથ ધરતાં કુલ રૂ.૫૨,૮૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી કતવારા પોલીસે ઉપરોક્ત બંન્ને વ્યક્તિઓ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદમાં ગોધરા રોડ ખાતેથી ફોર વ્હીલરની ચોરી

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતેથી એક ક્રુઝર ફોર વ્હીલર ગાડી ચોરાઈ જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા રોડ, ભરવાડવાસમાં રહેતા રાહુલભાઈ બાથાભાઈ ભરવાડે ગત તા.૧૧મી ફેબ્રુઆરીના રોજ પોતાની ક્રુઝર ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ ફોર વ્હીલર ગાડી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં રાહુલભાઈ દ્વારા બે-ત્રણ દિવસ શોધખોળ આદરી હતી પરંતુ આખરે પોતાની ફોર વ્હીલર ગાડી ન મળતાં આ સંબંધે રાહુલભાઈ બાથાભાઈ ભરવાડે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા કક્ષાની હોળી વિષય પર ચિત્રસ્પર્ધા

દાહોદ,

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા દાહોદ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે હોળી વિષય પર ચિત્રસ્પર્ધાનુ આયોજન કરેલ છે. જેમા ૮ થી ૧૩ (જન્મ તા. ૩૧/૧૨/૨૦૨૦ને ગણવાની રહેશે) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે એફોર સાઈઝના ડ્રોઈંગ પેપર પર હોળી વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી અને કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનુ નામ, સરનામુ, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરેનો ઉલ્લેખ કરી સાથે ઉંમરના પુરાવા તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ તથા પોતાના બેંક એકાઉંટના પ્રથમ પાનાની ઝેરોક્ષ અચુક જોડીને તા.૧૫/૦૩/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધી દાહોદ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જીલ્લા સરવે ભવન, પ્રથમ માળ, કોંન્ફરંસ હોલ, ઝાલોદ રોડ, છાપરી, તા-જી- દાહોદ ખાતે મોકલવાનું રહેશે.

રાજયકક્ષાની ચિત્રસ્પર્ધામાથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૨૫૦૦૦/ દ્વિતીય વિજેતાને રૂ. ૧૫૦૦૦/ તૃતિય વિજેતાને રૂ.૧૦૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦/-(પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામા આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામા આવશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 154

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા


પંચમહાલ સમાચાર

# પંચમહાલ સમાચારની ગોધરા નગર પાલિકા વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ આપતી લોકપ્રશ્નોની શ્રેણી

## વોર્ડ નં.૪ શહેરા ભાગોળ રેલ્વે અંડર બ્રિજ મંજુર થતાં પાલિકાના હવાતિયા


અટલ બાગ થી લઈ સ્ટેશન રોડ સુધીનો ખખડધજ રસ્તો.


દાદા-દાદી પાર્ક બન્યુ શૌચાલય કેન્દ્ર.


શહેરા ભાગોળ ફાટકની સમસ્યાનો ઉકેલ ન આવતા લોકો હેરાન.


વોર્ડ નં.૪માં બનાવેલ સ્ટેચ્યુની સાફ-સફાઈનો અભાવ.

### વોર્ડ નં.૪ ના ઉમેદવારો

| | |
|---|---|
| જીતેન્દ્રકુમાર કમલભાઈ સરાણીયા | – આપ પાર્ટી |
| જીતેન્દ્રકુમાર ધરમદાસ સાવલાણી | – બીજેપી |
| દિલીપકુમાર અંબાલાલ ભાટીયા | – કોંગ્રેસ |
| પૃથ્વી અશોકભાઈ પરમાર | – આપ પાર્ટી |
| ભારતીબેન સતીષકુમાર પટેલ | – બીજેપી |
| મિતલબેન અમિતકુમાર પટેલ | – કોંગ્રેસ |
| રમીલાબેન શાંતિલાલ સોલંકી | – બીજેપી |
| રાકેશકુમાર સોમાભાઈ રાણા | – બીજેપી |
| સુરજકુમાર પરિક્ષિત ચૌહાણ | – કોંગ્રેસ |
| દિપકકુમાર હેમનદાસ ખીમાણી | – અપક્ષ |
| નિપાંગ પ્રકાશકુમાર પટેલ | – અપક્ષ |
| પરેશકુમાર અરવિંદભાઈ દેવડા | – અપક્ષ |
| પુરણદાસપુરી આસાનદાસ હેમરાજાણી | – અપક્ષ |
| મહેશકુમાર કાંતિભાઈ પટેલ | – અપક્ષ |
| રંજનબેન રાજેશભાઈ ચૌહાણ | – અપક્ષ |
| વિજયકુમાર રસીકલાલ પટેલ | – અપક્ષ |

### વોર્ડ નં.૪ ના મતદારોના સમીકરણ

| પુરૂષઃ ૪૬૬૬ | સ્ત્રી : ૪૫૧૩ | કુલ : ૯૧૭૯ |
|---|---|---|

શિક્ષિત-મધ્યમવર્ગ તેમજ ગરીબ મતદારોના નિર્ણાયક રહેશે.

ગોધરા, વોર્ડ નં.૪માં ગીદવાણી રોડ, શહેરા ભાગોળ, મોદીની વાડી નં.૧,૨,૩ અને ૪, કાછીઆવાડ, હરીદયા સોસાયટી, રાણા સોસાયટી, માર્કેટીંગયાર્ડ, ભાટીયા સોસાયટી, નારીકેન્દ્ર, ડબગરવાસ, પાવર હાઉસ, સિંધી ચાલ, કુંભારવાડા, વાલ્મીકીવાસ સહિતના વિસ્તારમાં અગાઉના ચુંટાયેલા સભ્યો દ્વારા વિવિધ વિકાસના કામો કરવા છતાં સ્થાનિક લોકો વિકાસ હજુયે ઝંખી રહ્યા છે. પંચમહાલ સમાચારની લોક સમસ્યા જાણવાના પ્રયાસના ભાગરૂપ રજુ કરતી શ્રેણીમાં પોતાના અસ્ત્રે પ્રસ્તુત કર્યા છે.

ગોધરાને શહેરા નગરને જોડતો મહત્વનો વિસ્તાર એટલે કે શહેરા ભાગોળ રેલ્વે ફાટક આવેલો છે. આ રેલ્વે ફાટક માનવ સર્જીત છે. અહીંથી દિવસ-રાત અનેક રેલ્વેગાડીઓ પસાર થાય છે. જેના કારણે છાસવારે ફાટક બંધ કરવામાં આવતા બન્ને તરફ લાંબી વાહનોની કતાર સર્જાવાની સાથે ટ્રાફિક જામ રહે છે. આ વહેપારી કેન્દ્ર હોવાના કારણે મોટા વાહનો સાથે રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જેથી ભૂર્ગભ અંડર ગ્રાઉન્ડ બ્રિજ બનાવવા માટેની પાલિકા દ્વારા કરાયેલી દરખાસ્તને સંપૂર્ણ મંજૂરી આપી છે. અને રાજ્ય સરકાર પૂર્તી ગ્રાન્ટ ફાળવવા છતાં રેલ્વે વિભાગની આડોડાઈના કારણે આજદિન સુધી પૂરતું ભંડોળ ફાળવી નથી. અને આજદિન સુધી લોકોના બ્રિજનું સ્વપ્ન સાકાર નહીં થતાં આજદિન સુધી લોક ભારે હાલાકી વેઠી રહ્યા છે. જોકે, રાજ્ય સરકાર દ્વારા ગોધરા નગર પાલિકાને ફાળવેલી રકમ અન્યત્ર વાપરીને શહેરી બાવાઓએ બુદ્ધિનું પ્રદર્શન કર્યું છે. સમગ્ર રકમ જે હેતુસર ફાળવવામાં આવી હતી. પરંતુ રકમ ગેરવલ્લે થઈ હોવાની બૂમો વચ્ચે પ્રાદેશિક નિયામક કચેરીમાં રજુઆત કરવા છતાં આ મામલાએ કોઈ સ્પષ્ટતા કરવામાં નહી આવતાં લોકોને શંકા ઘેરી બની છે. હજુ પણ ગોધરા શહેરમાં અંડર ગ્રાઉન્ડ બ્રિજ રેલ્વે દ્વારા બનાવવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે એકમાત્ર વિકલ્પ ગણવામાં આવી રહ્યો છે. હવે જોવું રહ્યું કે, કેટલા સમયમાં આ બ્રિજ નિર્માણ થાય છે ?

બસ સ્ટેન્ડ થી જમણી બાજુ ગોધરા માર્કેટીંગયાર્ડ વિસ્તાર આવેલો છે. અહીં રાણા સોસાયટી, સરસ્વતી સોસાયટી, માર્કેટીંગયાર્ડ, ભાટીયા સોસાયટી, ગીતાનગર સોસાયટી, નારીકેન્દ્ર સુધીના અનેક વિસ્તારોમાંથી કામ અર્થે પ્રસાર થાય છે. પરંતુ આ માર્કેટીંગયાર્ડ વિસ્તારના પ્રવેશ દ્વાર રસ્તો પહેલીથી જ સાંકળો છે. અને ટ્રાફિકનો પ્રશ્ન આગળ કરીને બન્ને તરફને વહેંચતા ડીવાઈડર નિર્માણ કરવામાં આવતાં હવે રસ્તો સાંકળો બનીને ટ્રાફિક સમસ્યા વધુ ઘેરી બનતી જાય છે. લોકોના મંતવ્ય મુજબ ગોધરા તાલુકા પોલીસ મથકની કંપાઉન્ડ વોલ પણ કોઈપણ જાતના નિયમોને અનુસર્યા વિના બારોબાર નિર્માણ કરવામાં આવતાં ટ્રાફિક પ્રશ્ન આમ જનતાને સતાવી રહ્યો છે.

શહેરા ભાગોળ પેટ્રોલ પંપ પાસેનો વિસ્તાર માંથી રેલ્વે લાઈન પસાર થાય છે. આસપાસના રહિશો તથા કચરો ઉઠાવનાર ડોર ટુ ડોર કલેક્શન ઉઘરાવતી એજન્સીઓ દ્વારા આ રેલ્વે ટ્રેકની આસપાસ ફેંકાઈ ગંદકી ઉઠાવવામાં ઉદાસીનતા દાખવવામાં આવે છે. દિવસોથી સાફ સફાઈ કરવામાં નહીં આવતાં લોકો માતા ગાયો મોં મારીને પોતાનો ખોરાક શોધે છે. અને પ્લાસ્ટીક કચરો ખાય છે. જેના કારણે તેઓના આરોગ્યને નુકશાન પહોંચતા લોકો લાગણી દુભાઈ રહી છે.

એપીએમસી પાસેની રાણા સોસાયટીમા મોટી સંખ્યામાં મતદારો રહે છે. પરંતુ આ રહિશો દ્વારા નિયમિતપણે વેરો ચુકવવામાં આવવા છતાં નગર પાલિકા દ્વારા નિયુક્ત કરેલ એજન્સી દ્વારા કચરો નિયમિતપણે કચરો ઉઘરાવવામા આવતો નથી. અને દિવસો સુધી ઠેરઠેર ગંદકીના ઢગલા જામતા મચ્છરોના ઉપદ્રવ સાથે રોગચાળાનો નિમંત્રણ આપતાં હોવાનો જોવા મળે છે. આ સોસાયટીમાં મુખ્યત્વે પાણીની સમસ્યા ઉદ્રભવી રહી છે. આ વિસ્તાર ઉબડખાબડ છે. પાઈપ લાઈન પસાર થઈ રહી છે. તેવી સ્થિતીમાં પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો નહીં મળતાં લોકો સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

અટલ બગીચા એકમાત્ર ગોધરા શહેરમાં શોભાનું સ્થાન ધરાવે છે. અને બગીચાની ફરતે આવેલા લક્ષ્મણ તળાવમાં વોક વે બનાવીને યુવા વર્ગ તથા સીનીયર સીટીઝનોની સ્વાસ્થય સુધારણા માટે અને સાધનો વસાવવામાં આવતાં સવાર સાંજ ગોધરા શહેરવાસીઓની તંદુરસ્તી માટે અહીં કસરત અર્થે આવે છે. છેલ્લા કેટલાક સમયથી સાધનો તૂટફુટ હાલતમાં છે. વળી, તળાવની ચારે તરફ આવેલ વોક વે ઉપર નામોનિશાન બચ્યું નથી. ઠેરઠેર ટાંકા ઉગી નિકળવાની સાથે પગમાં ઠોકર વાગવાના બનાવો બનતા યુવા વર્ગ તથા સિનિયર સીટીઝન અહીં આવવાનું ટાળે છે.


આ વોર્ડમાં બસ સ્ટેન્ડ થી લઈને બજાર વિસ્તાર આવેલો હોવાના કારણે દિવસ-રાત ઘરાકોની અવરજવર રહે છે. લોકોનો આકર્ષણ કરવા માટે લાફીંગ બુદ્ધા, દાદા-દાદી પાર્ક જેવા મહત્વના સાધનો ઉભા કરવામાં આવ્યા છે. પરંતુ આ મૂર્તિઓ ઉપર એક એક વેંત જેટલા કચરાના ઢગલા જામેલા હોવાના કારણે દુર્દશા જોવા મળે છે અને લોકો મુતરડી તરીકે ઉપયોગ કરવામાં આવતાં લોકલાગણી દુભાઈ રહી છે.

ગીતાનગર અને ડબગરવાસ વિસ્તારમાં પણ મોટા પ્રમાણમાં રહે છે. અહીં ભૂર્ગભ ગટર યોજનાના જોડાણ વ્યવસ્થીતપણે જોઈન્ટ કરવામાં આવ્યા નથી. આ વિસ્તારમાંથી આડેધડ ફંટાતો વરસાદી પાણી છેવટે અહીં પુલ નીચે એકત્રિત થતાં ચોમાસામાં મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે. હાલમાં લોકો દ્વારા આવાસની માંગણી કરવા છતાં તેઓને પાકા મકાન પાલિકા પુરા પાડવામા આવ્યા નથી.


ચિત્રા ખાડી વિસ્તાર આ વોર્ડનો છેવાડાનો ભાગ છે. આ વિસ્તારમાંથી પાણીનો નિકાલ વ્યવસ્થિતપણે નહીં આમ તમે પાણી ફંટાઈ છે. અને લોકોના ઘરોમાં પાણી ઘુસીને નુકશાન કરે છે. જેથી ભૂર્ગભ ગટર લાઈનને યોગ્યરીતે આ વરસાદી પાણીના નિકાલ માટે ઉપયોગ કરવામાં આવે તો સમગ્ર સમસ્યાનો અંત આવે તેમ છે.

## વોર્ડ નં.૫ હોળી ચકલા વિસ્તારમાં નવનિર્માણ શૌચાલય શોભાના ગાંઠીયારૂપ


રામસાગર તળાવમાં સાફ-સફાઈનો અભાવ.


મોબાઈલ શૌચાલય છતાં જાહેરમાં શૌચક્રિયા.


શહેરા ભાગોળ વિસ્તારમાં ૨૦ દિવસ અગાઉ બનાવેલ રસ્તો ધુળમાં ભળ્યો.


૨૪ કલાક ચાલુ રહેતી સ્ટ્રીટ લાઈટો.

### વોર્ડ નં.૫ ના ઉમેદવારો

| | |
|---|---|
| અમીષા ચિરાગકુમાર શાહ | – બીજેપી |
| જલ્પાબેન ધર્મેશભાઈ પટેલ | – કોંગ્રેસ |
| જૈમિનકુમાર નગીનદાસ શાહ | – બીજેપી |
| દિપાંગ સુરેન્દ્રભાઈ દોશી (મોન્ટુ) | – કોંગ્રેસ |
| નસીબબાનુ આબીદહુસેન શેખ | – કોંગ્રેસ |
| પીનલબેન સચીનકુમાર પટેલ | – બીજેપી |
| હેમાંગકુમાર કિરીટકુમાર સોની | – બીજેપી |
| મયુરકુમાર જશવંતલાલ પટેલ (પિન્ટુભાઈ) | – અપક્ષ |
| રાકેશકુમાર રમણલાલ રાણા (પ્લમ્બર) | – અપક્ષ |
| રાજેશકુમાર વિઠ્ઠલદાસજી (રાજુ દરજી) | – અપક્ષ |
| શબાનાબાનુ જફરૂલ્લાખાન પઠાણ | – અપક્ષ |
| સાદીકમિયાં મહમંદમિયા મલેક | – અપક્ષ |
| સેજલ ભાર્ગવકુમાર સોની | – અપક્ષ |
| સંકેતકુમાર ગીરીશચંદ્ર સોની (સોમો) | – અપક્ષ |
| સંજયકુમાર ચંપકલાલ સોની | – અપક્ષ. |

### વોર્ડ નં.૫ ના મતદારોના સમીકરણ

| પુરૂષઃ ૪૩૯૭ | સ્ત્રી : ૪૩૯૦ | કુલ : ૮૭૮૭ |
|---|---|---|

શિક્ષિત-વેપારી-મધ્યમવર્ગ તેમજ લઘુમતિ મતદારો નિર્ણાયક રહેશે.

ગોધરા, પંચમહાલ સમચારની લોકપ્રશ્નની જાણતી નિષ્પક્ષ શ્રેણીના ભાગરૂપ ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૫ની મુલાકાત લેતાં અગાઉ કરેલા વિકાસના કામોની લોકોએ બિરદાવ્યા હતા. પરંતુ હજુ પણ વિકાસના કામોમાં કચાશ રહી હોવાથી નવા કામોની માંગ કરી રહ્યા છે.

આ વિસ્તાર સોનીવાડ, પટેલવાડા, કાછીઆવાડ, મીઠીબોર દવાખાના પાછળ, કડીઆવાડ, રામજી મંદિર, પારેખ ફળીયા, રણછોડજી મંદિર, ગીદવાણી રોડ જેવા વિસ્તારોમાં વહેપારી વર્ગ રહે છે. અહી શિક્ષિત વર્ગ હોવાના કારણે માત્ર સ્વસ્થતા અને પાણીની સુવિધાની માંગ કરી રહ્યા છે. પરંતુ ગોધરા નગરપાલિકા દ્વારા પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરવા ન આવતાં લોકો ભારે નારાજગી વ્યકત કરી રહ્યા છે.

ગોધરાના હાર્દ સમા હોળી ચકલા વિસ્તાર છે. અહીં લોકો મોટી સંખ્યામાં ખરીદાર્થે આવે છે. આવા સમયે લોકોને પુરતી સુવિધા મળતી ન હોવાની અવારનવાર બૂમો ઉઠે છે. અગાઉ આ વિસ્તારમાં એકમાત્ર જાહેર શૌચાલય આવેલું હતું. પરંતુ નગર પાલિકા દ્વારા તેને ધરાશાઈ કરીને મોબાઈલ શૌચાલય ઊભું કરવામાં આવ્યું છે. પરંતુ પાણી તથા ગંદકીના નિકાલ માટે કોઈ વ્યવસ્થીત સુવિધા ઉભી કરવામાં નહી આવતાં દિવસો થી તાળા બંધી કરવામાં આવેલી છે. જેના કારણે શોભાના ગાંઠીયારૂપ ભાસે છે. તાળા બંધીના કારણે લોકો જાહેરમાં મુતરડી તરીકે ઉપયોગ કરીને ગંદકી ફેલાવવા આસપાસના મંદિરોમાં આવતાં દર્શનાર્થીઓની ધાર્મિક લાગણી દુભાઈ રહી છે. આ ઉપરાંતની તળાવની ફરતે બનાવવામાં આવેલી લોખંડની કંપાઉન્ડ વોલ પણ હાલમાં અસ્તિત્વ ધરાવતી નથી. આસપાસના લોકો પણ અહીં નકામી ગંદકી ઠાલવે છે. જેના કારણે ગોધરા શહેરની કદરૂપા વધારે છે.

કાછીઆવાડ વિસ્તારમાં મોટી સંખ્યામાં રહિશો રહે છે. વર્ષો પૂર્વે નગર પાલિકા દ્વારા ભૂર્ગભ ગટર યોજના બનાવાઈ હતી. હાલમાં કોઈ નવી યોજનાનું આયોજન કરવામાં નહીં આવતાં ગંદા પાણીના નિકાલ માટે નાનકડી નીક બનાવવામાં આવી છે. અહીં કચરો એકત્રિત થવાના કારણે લાઈન ચોકઅપ છાશવારે થતાં પાણી ઉભરાઈને માર્ગો પર રેલમછેલ થતા મંદિરે આવતાં જતાં લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

તળાવ ઉપર પાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટ તથા હામલાઈટ ઊભી કરાઈ છે. પરંતુ પાલિકા દ્વારા પૂરતી કાળજી રાખવામાં નહીં આવત દિવસ-રાત લાઈટ સળગતી રહે છે. ધોળા દહાડે લાઈટ ચાલુ રહેતા છેવટે વેરાનો બોજો લોકો ઉપર પડે છે. તેવા સમયે કાળજી રાખીને સવારે લાઈટ બંધ કરાવી જોઈએ.

શહેરા ભાગોળ પાસેની સોસાયટીમાં આંતરિક રસ્તાઓની મરામત કરવામાં આવતી નથી. ચોમાસામાં ઉખબખાબડ બનેલા માર્ગની મરામત નહીં કરાતા અત્યાર સુધી ઉબડખાબડ બનેલા માર્ગના કારણે લોકોને ભારે તકલીફ પડી રહી છે. પાલિકા દ્વારા પૂરતી ગ્રાન્ટ ફાળવવા છતાં કામગીરી કરવામાં નહીં આવતા લોકો રસ્તાની સમસ્યાથી ત્રાહિમામ પકોરી ઊઠયા છે.

## અનાજ કૌભાંડ
# શહેરા સરકારી અનાજ સગેવગે મામલે તપાસ SOG પોલીસને સોંપી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા સરકારી અનાજ કૌભાંડની ફરિયાદ પોલીસ મથક ખાતે નોંધાયા બાદ પોલીસએ સરકારી અનાજના ગોડાઉન ખાતે તપાસ હાથધરી હતી.પોલીસે ત્રણ અનાજ ના ગોડાઉન સાથે ઓફિસ પણ સીલ કરી હતી. આ અનાજ કોભાંડ ની તપાસ સ્થાનિક પોલીસ પાસેથી લઈને જિલ્લા એસ.ઓ.જી પોલીસને સોંપવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના શહેરા મામલતદાર કચેરી પાછળ આવેલા સરકારી અનાજના ગોડાઉનમાં મામલતદાર મેહુલ ભરવાડ દ્વારા તપાસ કરતા ૧૩૧૨૭ ઘઉં અને૧૨૯૮ ચોખાના કટ્ટા ની ઘટ આવી હતી. આ અનાજ કૌભાંડ કરોડો રૂપિયાનું હોવાથી મામલતદાર મેહુલ. ભરવાડએ ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર સહિત બે શકાદાર સામે પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એમ.આર નકુમ અને પોલીસ સ્ટાફ દ્વારા સરકારી અનાજના ગોડાઉનમાં અનાજના કટ્ટાની ગણતરી શરૂ કરી હતી સાથે જિલ્લાની એસ.ઓ.જી.પોલીસે પણ તપાસ શરૂ કરી હતી. સરકારી અનાજના ત્રણ ગોડાઉનમા અને ઓફિસમાં દિવસ દરમિયાન સ્થાનિક અને જિલ્લાની પોલીસ દ્વારા તપાસ હાથધરી હતી. પોલીસે આ અનાજ કૌભાંડના મુખ્ય આરોપી ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર કનૈયાલાલ રોતને ઘરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. જ્યારે આ સરકારી અનાજ કૌભાંડ ૧ કરોડ ૮૫ લાખનું હોવા સાથે ૩કરોડ ૬૭લાખ ની વસૂલાત પણ કરવામાં આવનાર હોવાનું પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યારે આ અનાજ કૌભાંડ પાછળ મોટા માથાઓની સંડોવણી હોય તેમ લાગી રહયું છે. આ સરકારી અનાજ કૌભાંડની તપાસ એસ. ઓ.જી. પોલીસ ને સોંપવામાં આવી હતી.

> શહેરા તાલુકા ના સસ્તા અનાજના ગોડાઉનની મે મુલાકાત લીધી હતી.ગોડાઉન મા અનાજ કટ્ટામાં ૫૦૦ ગ્રામ, ૧ કિલો તેમજ એક થેલીમાં ૫ કિલો અનાજ ઓછું નીકળુ હતું.આ માહિતી ગાંધીનગર ખાતે એમ ડી. ધોળકિયા ને સેકટરીને આપી હતી. તેમ છતાં વિજિલન્સ ને મોકલવા કીધું હતું. ચેકીંગ માટે પણ આવ્યા નહી. મામલતદાર એ સ્થળ ચેકીંગ કરીને ૩ કરોડ ૬૭ લાખનો મુદ્દામાલ સગેવગે થયો હતો. એસ.ઓ.જી. પોલીસને તપાસ સોંપી છે.એની જગ્યાએ એ.સી.બી. અને સી.આઈ.ડી.ને સોંપવામાં આવી જોઈએ તેમજ આ કોભાંડમાં ટ્રાન્સપોર્ટરો, અધિકારીઓ સંડોવાયેલા હોય છે. રાજયના મુખ્ય મંત્રીને પણ મેં રજૂઆત કરતાં આની તપાસ કરવામાં આવી છે. ગૃહ મંત્રીને પણ હું આ બાબતે રજૂઆત કરનાર છું.
> **જેઠાભાઈ ભરવાડ : એમ.એલ.એ.શહેરા**

> શહેરા સરકારી અનાજના ગોડાઉનમાં કરોડો રૂપિયાનું અનાજ કૌભાંડ બહાર આવતા આ બાબતે કોંગ્રેસ પ્રદેશ ડેલિકેટ દુષ્યંત સિંહ ચૌહાણને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે ભાજપના રાજમાં આવા અનેક કૌભાંડો થઈ રહ્યા છે. શહેરા તાલુકામાં જે કોઈ કૌભાંડ થતા હોય તે ભાજપ ના શાસન મા થતા હોય છે. શહેરા તાલુકા મા અનેક ભ્રષ્ટાચાર માં ભાજપના કાર્યકરો પણ છે.
> **દુષ્યંત ચૌહાણ : કોંગ્રેસ પ્રદેશ કેન્ડીડેટ**

# વેજલપુરમાં નાયક સોસાયટી છાપરા વિસ્તારમાં પાણી ન મળતા સ્થાનિકોમાં રોષ


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, સ્થાનિક સ્વરાજયની ચુંટણી રણ સીંગુ ફૂંકાય ગયુ છે અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની ચુંટણી નો પ્રચાર પ્રસાર જોરશોર થી ચાલી રહયો છે ત્યારે વેજલપુર તાલુકા પંચાયત સીટ ઉપર ભાજપ કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારો વચ્ચે ત્રીપાંખયો જંગ ખેલાશે ત્યારે હવે જોવાનુ રહયુ કે વેજલપુર ની સીટ ઉપર કોણ બાજી મારશે ત્યારે બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જલ સે નલ યોજના ચાલી રહી છે ત્યારે વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા નાયક સોસાયટી છાપરા વિસ્તારમા પંદર થી ૨૦ વર્ષ જેટલો સમયથી આ વિસ્તારના લોકો પીવાના પાણી રાહ જોય રહયા છે પંદરથી વિસ વર્ષ ના સમય ગાળો વીતી ગયા હોવા છતા આ વિસ્તારમાં પાણી પાઈપ લાઈન કરેલ હોવા છતા પીવાના પાણી ન મળતા સ્થાનિક લોકોને મદારી વાસ માંથી પીવાનું અને વાપરવાનું પાણી માથે ઉચકીને લાવવું પડે છે આ સમસ્યા અંગે સ્થાનિક રહીશો દ્વારા વેજલપુર ગ્રામ પંચાયત ના સભ્યો તથા સરપંચ ને અનેક વખત રજુઆત કરવા છતા આવિસ્તારની પાણી ની સમસ્યા આજ દિન સુધી હલ ન થતા આ વિસ્તાર ના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને સમસ્યા કોઈપણ સભ્યો કે સરપંચ દ્વારા કરવામાં આવતી નથી અને માત્ર ઈલેક્સન વખત વોટ લેવા આવેછે અને ખોટા વચનો આપી ને જતા રહેછે અને જીત મેળવ્યા પછી આ વિસ્તારની મુલાકાત કે જોવા પણ આવતા નથી તેવા આક્ષેપો કરવામાં આવ્યા હતા.

## ગોધરા રાણી મસ્જીદ પાછળના વિસ્તારમાં ઘરમાંથી ચોરી

ગોધરા, ગોધરા શહેર રાણી મસ્જીદ પાછળ આવેલ ફરિયાદીના ઘરની ખુલ્લી બારીમાંથી અજાણ્યો ચોર ઘરમાં પ્રવેશ કરી મહિલાને છરી વડે ધમકી આપી રોકડા, મોબાઈલ ફોન, ઈયરફોન મળી ૨૩,૫૦૦/-ની લુંટ કરી નાશી છુટતાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર રાણી મસ્જીદ પાછળ રહેતા ઝુબેર સુલેમાન મકમલની ઘરની ખુલ્લી બારી માંથી ચોરીના ઈરાદે અજાણ્યો ઈસમ ઘરમાં પ્રવેશેલ હતો. ત્યારે ઝુબેર મકમલના પત્ની જાગી જતાં ચોર ઈસમે છરી ગળાઉપર મૂકી ધમકી આપી હતી. અને મહિલા પાસેથી ૭૫૦૦/-રૂપીયા રોકડા, મોબાઈલ ફોન ૧૫,૦૦૦/-રૂપીયા, ઈયરફોન મળી ૨૩,૫૦૦/-રૂપીયાની લુંટ કરી જતાં બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

પંચમહાલ જીલા પંચાયત અંબાલી બેઠક અને વાવડી ખુર્દ તાલુકા પંચાયત બેઠક વિસ્તારના ૧૦૦ જેટલા કોંગ્રેસી કાર્યકરોએ ધારાસભ્યની હાજરીમાં કેસરીયો ધારણ કર્યો હતો. ચુંટણી પહેલા કોંગ્રેસના કાર્યકરો તુટતા ગાબડું પડયું.

## ગોધરા-અમદાવાદ હાઈવે વાવડી ટોલ પ્લાઝા પાસે નર્મદા કેનાલની મુખ્ય પાઈપ લાઈનમાં વાલ્વમાં ભંગાણ થતાં પાણીનો વ્યર્થ

ગોધરા, ગોધરા-અમદાવાદ હાઈવે રોડ વાવડી ટોલ પ્લાઝા નજીક નર્મદા કેનાલની મુખ્ય પાઈપ લાઈનના વાલ્વમાં ભંગાણ સર્જાતા પાણીનો વ્યર્થ થઈ રહ્યો છે. મુખ્ય પાણીની લાઈનમાં ભંગાણ થી થતાં પાણીના વ્યર્થ અંગે સ્થાનિક તંત્ર અજાણ જોવા મળી રહ્યું છે.

ગોધરા નગરના નર્મદા મુખ્ય કેનાલ માંથી પીવાના પાણીની સુવિધા પ્રાપ્ત થાય છે. ગોધરા અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ ટોલ પ્લાઝા નજીક થી પસાર થતી મુખ્ય પીવાના પાણીની પાઈપ લાઈનમાં ઘણા લાંબા સમયથી પાઈપ લાઈનના વાલ્વમાં ભંગાણ સર્જાયેલ જોવા મળી રહ્યું છે. જેને લઈ પાણીનો દુર વ્યર્થ થઈ રહ્યો છે. ગોધરા શહેરને પીવાનું પાણી પુરી પાળતી પાઈપ લાઈનના વાલ્વમાંથી વ્યર્થ થતાં પાણી માટે સ્થાનિક તંત્ર દ્વારા તેને બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવી નથી. અથવા સ્થાનિક તંત્ર આ બાબતે અજાણ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સ્થાનિક તંત્ર પીવાના પાણી સપ્લાયની પાઈપ લાઈન માંથી થતાં પાણીના વ્યર્થને બંધ કરવામાં આવે તે જરૂરી છે.

## કાલોલ જીલ્લા પંચાયતની અને તાલુકા પંચાયતની ૨૪ બેઠકોમાં ૧૭૯ બુથ માટે EVMની વ્યવસ્થા


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકામાં પાંચ જિલ્લાની અને ૨૪ તાલુકા પંચાયતની સ્થાનિકસ્વરાજ્યની ચૂંટણીનો ત્રિકોણીય જંગની જોર શોરમાં પ્રચાર ચાલી રહ્યો છે. ૨૦૨૧ માં કમળ અને હાથ ની વચ્ચે ઝાડું ના ઉમેદવારો પણ કેટલીક સીટો ઉપરથી ચુંટણી જંગમાં ઊતર્યો છે. અને જોરશોરથી પ્રચાર પ્રસાર શરૂ કરી દિધો છે. જ્યારે આવા જંગની શરૂઆત પહેલાં સરકારી તંત્ર દ્વારા મતદાન મથકો ઉપર મુકવામાં ઉમેદવારોના નિશાન પર મતદાન કરવા EVM મશીનનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.જેના કારણે ચુંટણી અધિકારીઓ દ્વારા કાલોલ કોલેજ બિલ્ડીંગમાં EVM મશીનની ઉમેદવાર સમક્ષ ચકાસણીની કરી તેની વીલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. કાલોલ તાલુકામાં જિલ્લા/તાલુકાના પાંચ જિલ્લા અને ૨૪ તાલુકાની બેઠકો ૧૭૯ બુથ પર રીઝવે સાથે કુલ ૪૧૬ EVM ની વ્યવસ્થા કરવામાં આવી છે.